# પત્તાની હાઉસી

**જરૂરી સામગ્રી**

(1) પત્તાની ઓછા માં ઓછી બે કેટ
(2) ૧૦-૧૫ રૂ. ની ઓછા માં ઓછી 15 વસ્તુઓ ઈનામ માં આપવા માટે.
   a. દા.ત. પર્ક, નાની ડેરી મિલ્ક, ફેવી ક્વિક, કોલ્ગેટ ટૂથપેસ્ટ , નાનો પાઉડર નો ડબ્બો , બિસ્કીટનું પેકેટ વગેરે.

**કેટલાં લોકો રમી શકે.**

ઓછા માં ઓછા ૨૫-૩૦ લોકો

વધારે માં વધારે ૧૭૫-૨૦૦ લોકો

**કેવી રીતે રમાય .**

પત્તાની એક કેટ આ ગેમ રમાનાર એડમીન પોતાની પાસે રાખશે અને બીજી કેટ નું એક પત્તું - એક મેમ્બર ને એ રીતે ગ્રુપ માં હાઉસી ની ટીકીટ સ્વરૂપે વહેંચશે. અને આ ટીકીટ નો નિયત કરેલ ચાર્જ જે મેમ્બર ને આ હાઉસી માં રમવું હોય તેની પાસે થી કલેકટ કરશે.

દા.ત જો ગ્રુપ માં ૪૫ મેમ્બર હોય તો દરેક મેમ્બર ને બીજી કેટ નું એક-એક પત્તુ આપશે અને બદલામાં તેની પાસે થી ૧૦ રૂ. વસુલશે. ટોટલ ૫૨ માંથી ૪૫ પત્તા દરેક મેમ્બર ને વહેંચશે અને બાકી નાં ૭ પત્તા પોતાની પાસે અલગ રાખશે.

હવે એડમીન પોતાની પાસે રહેલ પ્રથમ કેટ માં થી રેન્ડમ ઓર્ડર માં એક પત્તું ખેંચશે. આ પત્તુ ગ્રુપ માં જે મેમ્બર પાસે હશે તે ઈનામને પાત્ર થશે. દાત. એડમીને પોતાની પાસે ની કેટ માંથી લાલ નો પંજો નીકાળ્યો તો જે ગ્રુપ મેમ્બર પાસે લાલ નો પંજો હશે તે ઈનામ મેળવવાને પાત્ર થશે.

એડમીન પોતાની ઈચ્છા પ્રમાણે ઈનામ ની જાહેરાત પોતની પાસે રહેલ કેટમાં થી પત્તું ખેંચ્યા પહેલાં કરશે. દા.ત એડમીન કહેશે કે આ પત્તું જેની પાસે હશે તેને કીટકેટનું ઈનામ આમ જાહેરાત કર્યા બાદ પોતાની પાસે રહેલ કેટમાંથી એક પત્તું ખેંચશે. દા.ત. આ પત્તું કાળી નો સત્તો હોય તો જે ગ્રુપ મેમ્બર પાસે

કાળી નો સત્તો હશે તેને કીટકેટ ઈનામ સ્વરૂપે આપવાની થશે.  આ રીતે એડમીન પોતાની પાસે રહેલ કેટ માં થી એક પછી એક પત્તા ખંચતો જશે અને ઈનામ ની જાહેરાત કરતો જશે. જો ઈનામ ની સં ખ્યા ગ્રુપ માં રહેલ મેમ્બર કરતાં ઓછી હોય તો એડમીન એમ પણ જાહેરાત કરી શકેશે કે આ પત્તુ જેની પાસે હશે તેને કોઈજ ઈનામ નહિં મળે (ટાંઈ ટાંઈ ફીશ). આમ જાહેરાત કર્યા બાદ એક પત્તું પોતાની પાસે રહેલ કેટમાંથી નીકાળ્શે. દાત. આ પત્તું ચોકટ નો એક્કો નીકળ્યો તો જે મેમ્બર પાસે ચોકટ નો એક્કો હશે તે ઈનામ મેળવાવા ને પાત્ર થશે નહિ. એ જ રીતે એડમીન જાહેરાત કરશે કે જે મેમ્બર પાસે હવે હું જે પત્તુ નીકાળીશ તે પત્તું હશે તેને ૧૦૦ રૂ. નું ઈનામ , આમ જાહેરાત કર્યા બાદ એક પત્તું નીકાળ્શે દા.ત આ પત્તું ફલ્લી નો રાજા નીકળ્યો તો જે મેમ્બર પાસે ફલ્લીનો રાજા હશે તેને ૧૦૦ રૂ. નું ઈનામ આપવાનું થશે.

આ રીતે એડમીન પોતાની પાસે રહેલ પત્તાની કેટ માંથી એક – એક પત્તું નીકાળશે અને જે ગ્રુપ મેમ્બર પાસે આ પત્તું હોય તેને અગાઉથી કરેલ જાહેરાત મુજ્બ ઈનામ / નો ઈનામ (ટાંઈ ટાંઈ ફીશ) એ રીતે રમાડ્શે.